હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સાહેબ, બે ચારનાં એન્કાઉન્ટર કરવાથી આ મુદ્દો સોલ્વ થાય એવો નથી...!!

ઉમેદવારોએ "સંવેદનશીલતાની શ્રદ્ધાંજલિ" કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા.૭

બિન સચિવાલયની પરીક્ષા રદ કરવાની માંગ સાથે આજે સતત ચોથા દિવસે ઉમેદવારો અડીંગો જમાવી બેઠા છે. ત્યારે શનિવારના રોજ સાંજના સુમારે ઉમેદવારોએ સંવેદનશીલતાની શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં ઉમેદવારો એ સરકારના નામે છાજીયા લીધા હતા. આ કાર્યક્રમમાં વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી અને મહિલા સામાજીક કાર્યકર ચંદ્રિકાબેન સોલંકી હાજર રહ્યા હતા. જયારે આજે આંદોલન સ્થળ પર ગણતરીના ઉમેદવારો જ હાજર રહ્યા હતા. જયારે કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરો આંદોલન સ્થળ પર હાજર જોવા મળ્યા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ચાર દિવસથી સચિવાલયની પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉમેદવારો આંદોલન કરી રહ્યા છે. ઉમેદવારોના આંદોલન પર હવે પોલીસ અને કોંગ્રેસ પક્ષ બંન્નેની નજર છે. સોમવારના રોજ વિધાનસભાનું સત્ર શરુ થવાનુ છે અને કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ઘેરાવ કાર્યક્રમની તૈયારી કરી રહ્યું છે. બિન સચિવાલય પરિક્ષા રદ કરવાના મુદ્દા પર, ખેડુતોના પ્રશ્નો, દુષ્કર્મના કેસો, એસઆરપી ૨૦ ટકા વેઈટીંગના ઉમેદવારો, સહિતના પ્રશ્નોને લઈ કોંગ્રેસ પક્ષ મોટીસંખ્યામાં કાર્યકરો સાથે વધુમાં વધુ ઉમેદવારો જોડાય તે માટે સતત પ્રયત્નશીલ છે. ભાજપની રૂપાણી સરકારને કોંગ્રેસ વિધાનસભામાં અંદર અને બહાર બંન્ને જગ્યાએ ઘેરવાની તૈયારીઓ કરી રહી છે. તો બીજીતરફ પોલીસ દ્વારા વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ કઈ રીતે નિષ્ફળ બનાવી શકાય તે દિશામાં પ્રયત્નો ચાલી રહ્યા છે. વિધાનસભા ઘેરાવ સ્થળે આંદોલન સ્થળેથી ઉભા થઈ ગયેલા ઉમેદવારો ફરી બેસે જ નહી તે પણ પ્રયત્ન કરાશે તે નક્કી છે. જયારે રવિવારના રોજ વિવિધ બોર્ડની ત્રણ પરીક્ષા યોજાશે. ડીવાયએસઓ, આઈબીપીએસ, તેમજ સી-ટાટ નો સમાવેશ થાય છે. જેથી આંદોલન છોડીને ઉમેદવારો પરીક્ષા આપવા માટે ગયા છે. જેથી રવિવારની બપોર બાદ આંદોલનકારી ઉમેદવારોની સંખ્યામાં વધારો થાય તો નવાઈ નહી.

કોલેજ બંધ કરાવવા જતા એનએસયુઆઈના કાર્યકરોની અટકાયત

બિન સચિવાલય કલાર્કની પરિક્ષા રદ કરવાના માંગ સાથે આજે યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈએ સમગ્ર રાજયમાં કોલેજ બંધનું એલાન આપ્યું હતું. જો કે ગાંધીનગર જિલ્લામાં આ બંધના એલાનને પોલીસે નિષ્ફળ બનાવ્યું હતું. કલોલ અને દહેગામમાં તમામ કોલેજ કાર્યરત રહી હતી. જયારે ગાંધીનગર શહેરમાં સેકટર-૧૫ ખાતે એનએસયુઆઈના કાર્યકરો કોલેજ બંધ કરાવવા માટે આવ્યા હતા. તે સમયે પોલીસના જવાનો ત્યાં હાજર હોવાથી તેઓની અટકાયત કરી દેવાઈ હતી. જેમાં થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત, એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ અમિત પારેખ, કોર્પોરેટર અંકિત બારોટ, સહિતના કાર્યકરોએ વિવિધ જગ્યાએ જઈ કોલેજ બંધ કરાવવા માટે પ્રયત્નો કર્યા હતા. જયારે પોલીસે નેતાઓ સહિત ૨૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

રાંધેજા ગામમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૭

રાંધેજા ગામે વરલી મટકાનો જુગાર રમાડતા એક શખ્સાની પોલીસે પકડી પાડ્યો છે. પેથાપુર પોલીસ રાંધેજા માંડવી ચકલામાં પાનના ગલ્લા પાસે વરલી મટકાનો જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરીને રાંધેજાની મૈત્રી સોસાયટીમાં રહેતો વાસુ પ્રહલાદ પટેલ (૫૦ વર્ષ) હોવાનું સામે આવ્યું છે. તેની પાસેથી વરલી મટકાની આંક લખવાની ચિઠ્ઠી મળી આવી હતી. પેથાપુર પોલીસે આરોપી પાસેથી જુગાર રમાડવાનું સાહિત્ય અને રોકડ રૂ.૧૨૮૦ જપ્ત કરીને જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઝુંડાલ સર્કલ પાસે બાઈક બે મહિલાઓને ટકરાતા ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૭

વૈષ્ણોદેવી થી ઝુંડાલ સર્કલ જતા બાલાજી વિન્ડ પાર્ક પાસે એસ.પી.રીંગરોડ ઉપર બાઈક ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારીને ચલાવતા બાઈક ચાલકે કાબુ ગુમાવતા શાકભાજી લેવા જઈ રહેલા માતા-દિકરીને અથડાતા માર્ગ પર પટકાયા હતા. બંન્ને મહિલાઓને શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કેશર આલાયમ રહે.બી.૬૦૩ ખાતે રહેતા નયનાબેન ચીનુભાઈ સુથાર ઉં.વ.૫૦ પોતાના પરિવાર સાથે રહે છે. નયનાબેન તેમજ તેમના મમ્મી ગત તા.૪ ના રોજ સાંજના સુમારે વૈષ્ણોદેવી થી ઝુંડાલ સર્કલ તરફ જતા બાલાજી વિન્ડ પાર્ક ની સામે એસ.પી.રીંગ રોડ પસાર કરીને શાકબાજી લેવા જઈ રહ્યા હતા. તે સમયે અચાનક સામેથી જદી.જે.૨૭.સી.જે.૮૪૨૧ના ચાલકે બાઈક ગફલતભરી રીતે હંકારીને ફરીયાદી તેમજ તેમના મમ્મીને ટક્કર મારતા બંન્ને માર્ગ પર નીચે પટકાયા હતા. જેથી બંન્નેને શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઈજા પહોંચતા સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ દ્વારા ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયા ફરિયાદીને કપાળના ભાગે ટાંકા લેવા પડ્યા હતા.જયારે તેમના માતાને સાથળના ભાગે ફ્રેકચર થતા સારવાર હેઠળ છે. બનાવ અંગે નયનાબેનની ફરીયાદ નોંધીને અડાલજ પોલીસે તપાસ શરુ કરી છે.

વાવોલ જેક એન્ડ જીલ પ્રિ-સ્કુલના નાના ભુલકાઓએ ડીએસપી કચેરીની મુલાકાત લીધી

ગાંધીનગર નજીક ન્યું વાવોલ વિસ્તારમાં સાલ્વિક હોમ્સ ખાતે આવેલી જેક એન્ડ જીલ પ્રિ-સ્કુલના નાના ભુલકાઓએ ડીએસપી કચેરીની તાજેતરમાં મુલાકાત લીધી હતી. નાના ભુલકાઓને ડોગ સ્કવોડ કેવી રીતે કામ કરે છે, તે દર્શાવી વિવિધ હથીયારો બતાવી તેની માહિતી આપવામાં આવી હતી. ડીએસપી કચેરીની મુલાકાત થી બાળકો ખુશ થઈ ગયા હતા. તો બીજીતરફ એસપી કચેરીનો સ્ટાફ પણ ભુલકાઓને જોઈ આનંદીત થઈ ગયો હતો. જયારે જેક એન્ડ જીલ ના સ્ટાફના સભ્યોએ એસપી કચેરીના સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

સ્માર્ટ સીટીના એસ.ટી. ડેપોમાં હજુ એ.ટી.એમ.ની પણ સુવિધા નથી

એસ.ટી. ડેપોએ જગ્યા ફાળવવા માટે તૈયાર દર્શાવી પરંતુ કોઇપણ બેંકે તૈયારી દર્શાવી નથી

ગાંધીનગર તા ૭

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે માંગ ઉઠવા પામી છે. એસ ટી દ્વારા જગ્યા ફાળવવા માટે તૈયારી પણ દર્શાવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈપણ બેંક મુસાફરોને એ ટી એમ ની સુવિધા પુરી પાડવા માટે આગળ આવી નથી. એસ ટી ડેપોમાં એ ટી એમ ની સુવિધાના અભાવે મુસાફરોએ પૈસા ઉપાડવા સિવિલ તેમજ પથિકાશ્રમ વિસ્તારમાં દુર સુધી જવુ પડે છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાની સાથે એ ટી એમ કાર્યરત કરવાનો મામલો પણ અટવાયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. દાયકાઓના અંતે પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઇ નથી. પોલીસ ચોકીની સાથે છેલ્લા ઘણાં સમયથી ડેપો સંકુલમાં એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે પણ મુસાફરો માંગણી કરી રહ્યા છે. જેને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે જગ્યા ફાળવવાની પણ તૈયારી દર્શાવી હતી. પરંતુ આ મામલે વિવિધ બેંકોને દરખાસ્ત રજુ કરવા છતા એસ ટી ડેપોમાં એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે એક પણ બેંકે તૈયારી દર્શાવી નથી. જેના લીધે એસ ટી ડેપો સંકુલમાં હજુ સુધી એ ટી એમ ની સુવિધા ઉભી થઈ શકી નથી. નગરમાં સ્થિત અનેક સરકારી કચેરીઓમાં રોજબરોજ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે. જયારે આ મુલાકાતીઓને અનુલક્ષી બહારગામના રૂટની પણ અનેક બસો દોડાવામાં આવી રહી છે. જેથી એસ ટી ડેપોમાં મુસાફરોની ભીડ જોવા મળી રહી છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં એ ટી એમ ન હોવાથી મુસાફરોએ પૈસાની જરૂરિયાત હોય તેવા કિસ્સામાં સિવિલ કેમ્પસ તેમજ ઘ-૪ સુધી લાંબા થવુ પડે છે. અનેકવાર રજુઆતના અંતે પણ ડેપો સંકુલમાં એ ટી એમ ની સુવિધા ઉપલબ્ધ થઈ નથી. મુસાફરોએ પણ ડેપો સંકુલમાં એ ટી એમ શરૂ કરવા માટે ડેપો મેનેજરને રજુઆત કરી છે.

શિક્ષણ ખાતાના વહીવટી કર્મચારીઓના સ્નેહમિલન સાથે મંડળની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર જૂના સચિવાલય ખાતે કાર્યરત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના કર્મચારીઓના મંડળને ૫૧ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ચૌધરી વિશ્રામગૃહમાં ગતતા. ૨૩મી નવેમ્બરે સ્નેહમિલન કાર્યક્રમ તથા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જીસીઈઆરટીના રીડર અશોકભાઈ ચૌધરી તથા અન્ય અતિથિઓમાં બનાસકાંઠાથી શિક્ષણ નિરીક્ષક નૈમિષ દવે, ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, કન્વીનર ગીરીશભાઈ રાવલ, ઉપપ્રમુખ કાર્તિકભાઈ ત્રિવેદી, સરકારી કોલેજોના લેબ આસીસ્ટન્ટ સ્ટાફ એસોસિએશનના પૂર્વ પ્રમુખ દિનકર રાય ત્રિવેદી, સરકારી માધ્યમિક શાળા શિક્ષક મંડળના પ્રમુખ હર્ષિત ઠાકર સહિત મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સ્નેહમિલન સમારંભ તથા સામાન્ય સભામાં મંડળની કાર્યોની સમીક્ષા કરાઈ હતી અને તે અંગેનો અહેવાલ સવિસ્તર રજૂ કરાયો હતો. સામાન્ય સભામાં મંડળના હિત વિરૂદ્ધ કૃત્યો કરનાર પાંચ સભ્યો બી.એમ, ઝાલા, એચ.એસ. બુબડીયા, યુ.ડી. ગોહિલ, એલ.એન. પટેલ તથા ડી.એન. લેઉવાને ૬ વર્ષ માટે મંડળમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા અને તેમને સ્થાને નવા હોદ્દેદારોની નિમણુંક કરાઈ હતી. આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખ જગદીશભાઈ પરમાર, મહામંત્રી નાગજીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબા ચૌહાણ, સંગઠન મંત્રી એમ.ડી. પટેલ, ખજાનચી પંકજકુમાર પટેલ મહિલા પ્રતિનિધી કલ્પના વસાવા તથા ઉત્તર ગુજરાતના કન્વીનરો બનાસકાંઠાથી હરીભાઈ કરેણ, પાટણથી સુરેશભાઈ પટેલ, મહેસાણાથી શૈલેષભાઈ ડોડિયા અને સાબરકાંઠાથી સી.જે. ખરાડી સહિત મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્કૃતિ મહિલા મંડળ પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ તરીકે પ્રતિભાબેન દવે અને મંત્રી તરીકે અલ્પાબેન ગોર ચૂંટાયા હતા.

ચાંદખેડામાં ટોઈંગવાન અને સ્થાનિક વચ્ચે મારામારી

તાજેતરમાં જ સુરતમાં ટોઈંગવાનના કર્મચારીઓ સાથે યુવકોના ઘર્ષણ અને માર મારવાની ઘટના સામે આવ્યા બાદ કંઈક આ જ પ્રકારનો બનાવ અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં સામે આવ્યો હતો. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં દિન પ્રતિદિન ટોઈંગવાનના કર્મચારીઓ સાથે ઘર્ષણ અને બબાલના કિસ્સા વધી રહ્યા છે ત્યારે હવે હેલ્મેટની જેમ ટોઈંગવાનના દૂષણ પર પર લગામ કસવા લોકો ટ્રાફિક તંત્ર અને સરકારના સત્તાધીશોને માંગ કરી રહ્યા છે.

બાર કાઉન્સિલના સભ્યોએ આસામ સ્થિત મોરી લો કોલેજનુ ઈન્સ્પેકશન કર્યુ હતુ.બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના એકઝિકયુટીવ ચેરમેન અપુર્વ શર્મા, હૈદરાબાદ હાઈકોર્ટના નિવૃત જજ ગોપાલ રેડ્ડી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દિલીપ પટેલ હિમાચલ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દેશરાજ, મુંબઈ લો કોલેજના પ્રિન્સિપાલ, બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહિલ દ્વારા આસામમાં સ્થિત મોરી લો કોલેજનુ ઈન્સ્પેકશન કર્યુ હતુ. જયારે શિલોંગ યુનિવર્સિટીમાં પણ લો કોલેજનુ ઈન્સ્પેકશન કર્યુ હતુ.

શહેરમાં ડુંગળીના ભાવ આસમાને

શહેરીજનો ૧૮૦ રૂપિયે કિલો ડુંગળી ખરીદશે કે કેમ તે પ્રશ્ન

ગાંધીનગર, તા.૭

શહેરમાં ડુંગળીના ભાવ વધવાની વાત હતી જે ૩૦ રૂપિયાથી ૧૦૦ રૂપિયા થયો હતો તે બાબતને હજી શહેરીજનો તથા ખાસ કરીને ગૃહિણીઓ પચાવી રહી હતી ત્યાં જ ડુંગળીનો ભાવ લગભગ ૧૮૦રૂ.ની આસપાસ પહોંચ્યો છે જેને લઈને શહેરીજનો મુશ્કેલીમાં મુકાયા છે. શહેરના રેસ્ટોરન્ટ તથા ઘરોમાં હવે ડુંગળી રહેશે કે કેમ તે પ્રશ્ન છે.

ડુંગળીના ભાવ વધવાથી ગૃહિણીઓના બજેટ સાથે રેસ્ટોરન્ટધારીઓના બજેટ પણ ખોરવાયા છે. ફળફળાદિ કરતા પણ વધુ ભાવમાં મળતી ડુંગળી હવે ખાવી કે કેમ તે એક વિચાર બની રહ્યો છે. દરેક શાકભાજી કે સલાડમાં વપરાતી ડુંગળીનો વપરાશ ઓછો કરી દેવો પડશે તેવું ગૃહિણીઓનું કહેવું છે. સાથે રેસ્ટોરન્ટમાંથી તો ડુંગળી જાણે ગાયબ જ છે. શાકની ગ્રેવીમાં ડુંગળીનું નામોનિશાન નથી કે નથી દાળના તડકામાં. ભેળ ખાવી હોય તો ડુંગળી વગરની.

ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા આંકડાઓ અનુસાર ડુંગળીનો ભાવકિલો દીઠ ૧૦૦ રૂપિયા હતો જે આજે ૧૮૦ સુધી પહોંચ્યો છે. જેનું મુખ્ય કારણ છે પાકની નિષ્ફળતા. સૌથી વધુ ડુંગળીનું ઉત્પાદન કરતું મહારાષ્ટ્ર જયાં અતિ ભારે વરસાદ પડતા પાક ધોવાઈ ગયો હતો. સરકાર દ્વારા બફર સ્ટોક પુરો પડાયો પરંતુ ભાવમાં ફેરફાર થતા નથી. ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ આ બાબતની બેઠક પણ મળી હતી તેમ પ્રાપ્ત થતી માહિતી અનુસાર જણાયું છે.

સમગ્ર રાજયમાં હાલમાં ડુંગળીના ભાવમાં પણ આગ ઝરતી તેજીના પગલે કિલોના ભાવ ૧૮૦ રૂપિયાએ પહોંચી જતા સામાન્ય માનવી માટે ડુંગળી ખાવી દુષ્કર બની જવા પામી છે.

ધરતી ઉપરનું અમૃત અને આર્યુવેદમાં જેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેવા ડુંગળીના ભાવમાં છેલ્લા એકાદ માસથી ભારે તેજી જોવા મળી રહી છે. ૪૦ રૂપિયે કિલોના ભાવે વેચાતી ડુંગળી આજે ૧૮૦ રૂપિયાએ પહોંચી જતા રસોડામાં વઘારમાં વપરાતા ડુંગળીના સ્થાને હવે ગૃહિણીઓ મજબૂર બની છે. સમગ્ર રાજયમાં અતિવૃષ્ટિના પગલે ડુંગળીના પાકને વ્યાપક નુકસાન થતા ઉત્પાદન ઘટ્યું છે. બીજી તરફ સંગ્રહખોરીના કારણે ભાવોમાં આગ ઝરતી તેજીના કારણે ડુંગળીના ભાવો પણ આસમાનને આંબી ગયા છે અને આગામી સમયમાં પણ હજુ ભાવ વધવાની શકયતા જણાઈ રહી છે. તેથી શિયાળાના આરંભે ડુંગળી લોકોને રડાવી રહી છે.

ડુંગળીના વધતા જતા ભાવને લીધે લાગી રહ્યુ છે કે હવે ગૃહિણીઓ ઘરમાં ડુંગળી લાવશે કે કેમ?

ઈ-ટેન્ડરીગ જાહેર નિવિદા

રી-ટેન્ડર નંબર : ૩૫

વર્ષ-૨૦૧૯-૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	ટેન્ડરફીની રકમ	ઈ.એમ.ડી.ની રકમ
૧	ગાંધીનગર મહાનગરપાલિકાના તમામવિસ્તારના રહેણાંક તેમજ જાહેર રસ્તાઓઉપર સર્કલો, શાકમાર્કેટ, વિસ્તારોનારખડતા પશુઓને પકડીને ઢોર ડબ્બામાંપુરવા તેમજ ઢોર ડબ્બામાં પશુઓનેસુચવેલ પાંજરાપોળના વાહનમાંચઢાવવા સહિતનું કામ.	૫૦૦૦/-	૨,૪૦,૦૦૦/-

ટેન્ડર ફોર્મ તા. ૭/૧૨/૨૦૧૯ થી તા. ૧૬/૧૨/૨૦૧૯ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gmc-egovern.org.in ઉપરથી જોઈ શકાશે. પ્રિબિડ મિટીંગ તા. ૧૦/૧૨/૨૦૧૯ સમય ૧૬-૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈ પણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે.

ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૮/૧૨/૨૦૧૯ સમય ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે. ઓનલાઈન ઓપનીંગ તા. ૧૯/૧૨/૨૦૧૯ના રોજ ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૭/૧૨/૨૦૧૯
માહિતી/૧૭૨૩/૧૯-૨૦

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા